==============================================================================

**<u>સોનગઢના મે.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ. સોનગઢ.</u>**

**ફોજદારી કેસ નં. ૫૬૬/૨૩**

**<u>ફરીયાદી</u>: સરકારશ્રી**

**<u>વિરૂધ્ધ</u>**

**<u>આરોપી</u>: જીતેશભાઈ છનાભાઈ ગામીત, રહે.સોનગઢ જમાદાર ફળીયુ, તા.સોનગઢ, જી.તાપી.**

**<u>ગુનો :- ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ-૬૬(૧)(બી) મુજબ.</u>**

# <u>ઠરાવ</u>

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપી સામે ધી ગુજરાત નશાબંધી ધારાની કલમ -૬૬ (૧) (બી) મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે સંબંધિત પોલીસ સ્ટેશન ધ્વારા ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે. સદરહુ ચાર્જશીટ જોતા તેમાંથી એ સ્પષ્ટ થાય છે કે, આરોપીએ ચોકકસ સમયે અને જગ્યાએ જાહેરમાં પાસ પરમીટ વગર કેફી પ્રવાહી પીધેલ હાલતમાં મળી આવેલ છે.

(૨) આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપ્યાની ખાત્રી કરેલ છે.

(૩) આરોપી વિરુધ્ધ ચાર્જ ફ્રેમ કરી પ્લી રેકર્ડ કરતા ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૪) આરોપીએ ગુના કબુલાત પુરસીસ આપી એમ જાહેરાત કરેલ છે કે, મારો આ પ્રથમ ગુનો છે અને સામાન્ય અને ગરીબ વર્ગના છીએ, અમારે કોઈ સ્થિર ધંધો નથી કે કોઈ સ્થિર આવક નથી, અમો છુટક મજુરીનું કામ કરીએ છીએ, અમોને મજુરી પણ દરરોજ મળતી નથી જેથી અમો અમારુ તેમજ અમારા કુટુંબનું ગુજરાન કરી શકીએ તેવી સ્થિતિમાં ન હોવાથી અને માનસીક તનાવમાં દારૂ પી લીધેલાનુ કબુલ કરે છે. વધુમાં જણાવે છે કે અમોએ દારૂ પીધેલ હાલતમાં કોઈ ઉપદ્રવ કરેલ નથી, ઝઘડો કરેલ નથી, અસભ્ય વર્તન કરેલ નથી, અશિષ્ટ ભાષા વાપરેલ નથી કે મારા-મારી કરેલ નથી અને આ મુજબનો અમારા વિરુધ્ધ આક્ષેપ પણ નથી. ચાર્જશીટમાં જાહેર રસ્તામાં વગર પાસ પરમીટે દારૂ પીધેલ હાલતમાં છાટકો બની લથડીયા ખાતો મળી

==============================================================================

આવ્યાનો માત્ર આક્ષેપ છે. અમારી આર્થિક પરિસ્થિતિ સારી ન હોઈ ઉપરાંત રોજગાર પણ ન હોય, ટ્રાયલ ચાલતા દરમ્યાન અમારે વારંવાર કોર્ટમાં આવવાની જરૂર પડે, ઉપરાંત વકીલ રોકીને પૈસા ખર્ચવાની જરૂરીયાત રહે અને અમોને કયારેક રોજગારી મળે છે તે પણ ખોરવાઈ જાય તે તમામ હકીકતો ધ્યાને લઈ, આ અમારો પ્ર થમ ગુનો હોઈ અમો અમારી ભુલ સુધારવા માંગીએ છીએ અને કોર્ટની કાર્યવાહીમાં સમય અને નાંણાનો વ્યય અમારો તથા કોર્ટનો ન થાય તેવા ઉદ્દેશથી નમ્ર માફી આપવા અને રહેમ રાખવા અરજ ગુજારીએ છીએ.

(૫) આરોપીએ ખરેખર સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોવાની ખાત્રી કરવામાં આવેલ છે.

(૬) સદર કામમાં આરોપી સામે **ધી ગુજરાત નશાબંધી ધારાની કલમ ૬૬ (૧) (બી)** મુજબનો શિક્ષાને પાત્ર ગુના અંગેનુ તહોમત છે જેમાં **ધી ગુજરાત નશાબંધી ધારાની કલમ ૬૬ (૧), (બી)**, મુજબના ગુનાના કામે **પ્રથમ ગુના માટે ૬ માસ સુધીની કેદની સજા અને રૂા. ૧૦૦૦/– સુધીનો દંડ** કરવાની સજાની જોગવાઈ છે અને તેમજ બીજા અને ત્યાર પછીના ગુના માટે અલગ સજાની જોગવાઈ છે.

(૭) તમામ રેકર્ડ ઉપરની હકીકતો લક્ષમાં રાખીને આરોપીએ દારૂ પીધા અંગેનો ગુનો કબુલ કરે છે. જયારે દારૂ પી છાટકો બનીને લથડીયા ખાતો હોવા અંગેનો આક્ષેપ માત્ર છે. આરોપી વિરુધ્ધ ફરીયાદપક્ષનો એવો કોઈ આક્ષેપ નથી કે આરોપીએ ચોકકસ સમયે અને ચોકકસ જગ્યાએ જાહેરમાં પાસ પરમીટ વગર કેફી પ્ર વાહી પીને સાર્વજનિક સ્થળમાં છાટકો બનેલો હોય અને ઉપદ્રવ ઉભો કરતો હોય, કોઈ વ્યકિત સાથે ઝઘડો કરતો હોય, અપશબ્દ અથવા અશિષ્ટ ભાષાનો ઉપયોગ કરતો હોય અને બીજા સાથે મારા–મારી કરતો હોય, કોઈપણ સ્ત્રી સાથે ગેરવર્તણુક કરતો હોય અથવા અશ્લીલ ચેનચાળા કરતો હોય તેવી કોઈ હકકીત રેકર્ડ ઉપરથી જણાઈ આવતી નથી. વર્તમાનમાં કોર્ટમાં પેન્ડીંગ કેસની સાથે નવા દાખલ થતા કેસોનું પ્રમાણ લ ક્ષમાં લેતા ટુંકા સમયમાં હાલના ગુનાની ટ્રાયલ ચલાવીને પુરી કરવી સંભવી શકે નહીં.

(૮) આમ, આરોપીનો સમય, ફરીયાદીપક્ષે પોલીસનો સમય, સરકારી વકીલશ્રીનો સમય, સરકારી સાહેદોનો સમય તથા કોર્ટનો સમય તથા ખર્ચ જે આ ટ્રાયલ પાછળ વ્યતિત થાય અને ટ્રાયલને અંતે આરોપી કસુરવાર ઠરે ત્યારે સજા અંગે ન્યાયિક હુકમ કરવામાં આવે છે તેના બદલે જો આરોપી પ્રથમ મુદતે હાલનો ગુનો કબુલે છે ત્યારે તેણે ગુના કબુલ સંદર્ભે રજુ થયેલી હકીકતોની સાથે સાથે સરકારનો, અત્રેની કોર્ટનો અને પક્ષકારોનો જે સમય અને શ્રમ બચે છે તે અન્ય ગંભીર ગુનાની ટ્રાયલમાં ઉપયોગ કરી શકાય તેમ હોઈ

==================================================================

ઉપરાંત આરોપી જયારે પસ્તાવા સાથે ગુનાની કબુલાત કરતો હોય ત્યારે રેકર્ડ ઉપર આવેલી તમામ હકીકતો અને તમામ પરિસ્થિતિઓને ઘ્યાને લઈ કેસનો નિકાલ કરવો અત્રેની કોર્ટને ન્યાયોચિત જણાઈ આવે છે. આમ, જયારે આરોપી જાતે જ આ ગુનાની સ્વૈચ્છાએ કબુલાત કરવા માંગતો હોય ત્યારે આરોપીને કાયદામાં નિર્દેશ કરેલ સજા પૈકી કેટલી સજા કરવી જોઈએ તે કોર્ટે કેસની હકીકતો, આરોપીની પરિસ્થતી, તથા ગુનાના સંજોગો ઘ્યાને નકકી કરવી જોઈએ તેવુ અત્રેની કોર્ટનુ નમ્ર પણ માનવાનુ થાય છે. આમ, જયારે આોરપી જાતે જ ગુનાની કબુલાત કરતો હોય અને હાલનો ગુનો તેઓનો પ્રથમ ગુનો હોઈ પોતાની ભુલ સુધારવા / ભુલનુ પ્ર ાયશ્ચિત કરતો હોય ત્યારે કાયદામાં નિર્દેશ કરેલ સજા કરતા ઓછી સજા કરવાથી આરોપીને પોતાની ભુલ સુધારવા એક તક મળી રહે તેવા નેક આશયને લક્ષમાં રાખીને ઓછામાં ઓછી સજા કરવી ન્યાયોચિત જણાઈ આવે છે.

(૯) વઘુમાં જણાવવાનું કે, નામદાર ગુજરાત હાઈકોર્ટે **૨૦૦૫ (૧) જી.એલ.આર. ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર હરચંન્દ્રજી ઠાકોર**ના કેસમાં એવો સિઘ્ધાંત પ્રસ્થાપિત કરેલો છે કે, ''જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ઘ્યાનમાં લઈ નીચેની અદાલતને કાયદામાં કરેલ લઘુત્તમ જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે'' અને સદરહુ ચુકાદાનાં પેરા–૨૧માં જે કારણો જણાવેલ છે તે ઘ્યાને લેતાં ઉપરોકત ચુકાદો આરોપીના કેસને મદદરુપ થતો હોઈ તેમ જણાય છે અને ત્યારે આરોપીની સ્થિતિ અને સંજોગોને ઘ્યાને લઈ કાયદાએ સુચવેલ ન્યુનતમ સજા કરતા ઓછી સજા કરવા માટેનાં વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે. આમ ઉપરોકત તમામ હકીકતો–રજુઆતો ઘ્યાનમાં લેતા આ કામે આરોપી સ્વૈચ્છિક પણે ગુન્હોની કબુલાત કરેલ છે અને તેઓની આર્થિક પરિસ્થિતિ અને કુંટુંબની જવાબદારી તેમના પર ચાલી આવેલ છે અને ત્યારે નામ. વડી અદાલતે પ્રસ્થાપિત કરેલ સિઘ્ધાંત ઘ્યાને લઈ નકકી કરેલી ઓછામાં ઓછી સજા કરતા ઓછી સજા કરીને ઓછામાં ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનું હીત જળવાઈ રહે તેમ હોઈ ઉપરોકત સંજોગો ઘ્યાને લઈ આરોપીને દોષિત ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

==================================================================

**<u>–: હુ ક મ :–</u>**

==================================================================

(૧) આ કામનાં આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ – ૨૫૨ અન્વયે ઘી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ –૬૬ (૧) બી મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુઘીની સજા તથા રૂા. ૫૦૦/–

==================================================================

(અંકે પાંચસો પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો દિન – ૬ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીના અગાઉ રજુ કરેલ જામીનખત તથા જાત મુચરકા ફોજદારી કાર્યરીતી સંહિતા,૧૯૭૩ ની કલમ–૪૩૭(એ) હેઠળ છ માસ પુરતા ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ–૦૯ મી, માહે–સપ્ટેમ્બર, સને ૨૦૨૩ ના રોજ વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : સોનગઢ
તારીખ. ૦૯/૦૯/૨૩

**(અમિત મહેન્દ્રભાઈ પાટડીયા)**
જજ કોડ નં. જીજે૦૧૪૩૪
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, સોનગઢ.